www.xtrapapers.com

OCR
Oxford Cambridge and RSA

# Wednesday 6 June 2018 – Afternoon

## GCSE GUJARATI

**A813/01** Reading

Candidates answer on the Question Paper.

**OCR supplied materials:**
None

**Other materials required:**
None

**Duration:** 1 hour

| Candidate forename | | Candidate surname | |
|---|---|---|---|

| Centre number | | | | | | Candidate number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

## INSTRUCTIONS TO CANDIDATES

- Write your name, centre number and candidate number in the boxes above. Please write clearly and in capital letters.
- Use black ink.
- Answer **all** the questions.
- Read each question carefully. Make sure you know what you have to do before starting your answer.
- Write your answer to each question in the space provided. Additional paper may be used if necessary but you must clearly show your candidate number, centre number and question number(s).
- Do **not** write in the barcodes.

## INFORMATION FOR CANDIDATES

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **50**.
- You do not have to write in full sentences and your answers will not be marked for the accuracy of the language.
- Dictionaries are **not** allowed.
- This document consists of **20** pages. Any blank pages are indicated.

© OCR 2018 [D/501/5463]
KI 150844/7

OCR is an exempt Charity

www.xtrapapers.com



Answer **all** the questions.

**Exercise 1: Questions 1 – 5**

**Suman's family**

**Read the sentences and look at the pictures.**

**What they do everyday.**

| | |
|---|---|
| **A** | મમ્મી વહેલાં ઊઠીને નાસ્તો બનાવે. |
| **B** | ભાઈ સાઈકલથી નિશાળે જાય. |
| **C** | દાદા છાપામાં સમાચાર વાંચે. |
| **D** | હું મેદાનમાં બાસ્કેટબોલ રમું. |
| **E** | દાદી મંદીરે સેવા કરે. |
| **F** | પિતાજી દરિયાકિનારે ચાલવા જાય. |
| **G** | ~~નાની બહેન પિસ્તાની કુલ્ફી ખાય.~~ |

**Write the correct letter in the box.**

**Example:**



G

1



[1]

© OCR 2018

www.xtrapapers.com



**2**



☐ **[1]**

**3**



☐ **[1]**

**4**



☐ **[1]**

**5**



☐ **[1]**

**[Total: 5 marks]**

© OCR 2018

www.xtrapapers.com



**Exercise 2: Questions 6 – 12**

## Planning a trip abroad

**Read Sabina's Summer holiday check-list.**

- ~~વિમાનની ટિકિટ વહેલાસર ઇન્ટરનેટ પરથી નોંધાવું.~~
- પુસ્તકાલયમાંથી જોવાલાયક સ્થળોની માહિતી ભેગી કરું.
- જરૂરી દવાઓ દવાની દુકાનેથી ખરીદી લાવું.
- ઘરની વધારાની એક ચાવી પાડોશીને આપું.
- મિત્રો અને નિકટના સગાવહાલાં માટે ચોકલેટ ખરીદું.
- ગરમીમાં પહેરવાનાં ચંપલ અને કપડાં પેટીમાં મૂકું.
- વિમાનઘરે સમય પર પહોંચવા ટેક્ષી ભાડે કરાવું.
- પાસપોર્ટ, પૈસા અને ખાવા માટે ચવાણું હાથથેલીમાં રાખું.

**Tick the correct box.**

**Example:**

Sabina buys her airline ticket from the …


A


B ✓


C

**6** She goes to the airport by …



A


B


C

**[1]**

**7** She gives her neighbour …


A


B


C

**[1]**

© OCR 2018

www.xtrapapers.com



**8** She buys her friends and relatives …


A


B


C

[1]

**9** She packs in her suitcase …


A


B


C

[1]

**10** She collects sight-seeing information from the …


A


B


C

[1]

**11** She keeps her money in her …


A


B


C

[1]

**12** She buys from the shop …


A


B


C

[1]

**[Total: 7 marks]**

© OCR 2018

www.xtrapapers.com



**Exercise 3: Questions 13 – 18**

**Weekly school routine**

**Read Diya's diary.**

સોમવારની શરૂઆત ગણિતથી થાય અને ભૂગોળથી સમાપ્ત થાય. સાંજે મંડળમાં શેતરંજ રમું તેથી દિવસ લાંબો લાગે.

મંગળવારે મારો સંગીતનો મનપસંદ લેસન હોય, પછી તરત જ કપડાં બદલીને કસરતના લેસનમાં જાઉં એટલે બહુ થાક લાગે.

બુધવારે બાજુની પ્રાથમિક શાળાના તરણહોજમાં તરવાની તાલીમ લઉં. પછીના કમ્પ્યૂટરના લેસનમાં કોઈ વખત મોડી પહોંચું.

ગુરુવારે ઇતિહાસમાં કંટાળો આવે પણ મને ચિત્રકળા ખૂબ ગમે. ચિત્રકામ પછી ઓરડો સાફ કરવામાં મદદ કરું.

શુક્રવારે નિરાંત લાગે. સવારે વિજ્ઞાનના લેસનમાં પ્રયોગો કરું. બપોરે અંગ્રેજીના લેસન બાદ નિશાળ પૂરી થાય.

શનિવારે મીણબત્તી બતાવતા શીખું. તેને જુદાજુદા ઘેરા રંગોથી શણગારું.

**Tick the correct box.**

**Example:**

On Monday after school she goes to the …

| | | |
|---|---|---|
| **A** | reading club | ☐ |
| **B** | gymnastic club | ☐ |
| **C** | chess club | ✓ |

**13** On Monday her first lesson is …

| | | |
|---|---|---|
| **A** | History | ☐ |
| **B** | Maths | ☐ |
| **C** | Geography | ☐ |

**[1]**

© OCR 2018

www.xtrapapers.com



**14** On Tuesday her favourite lesson is …

**A** Music ☐

**B** Drama ☐

**C** Biology ☐ **[1]**

**15** On Wednesday sometimes she is late for her …

**A** swimming class ☐

**B** break time ☐

**C** computer lesson ☐ **[1]**

**16** On Thursday after her Art lesson she helps to …

**A** tidy the room ☐

**B** arrange chairs ☐

**C** collect art work ☐ **[1]**

**17** On Friday her last lesson is …

**A** Science ☐

**B** English ☐

**C** French ☐ **[1]**

**18** On Saturday she goes to a …

**A** candle making class ☐

**B** knitting class ☐

**C** pottery class ☐ **[1]**

**[Total marks: 6]**

© OCR 2018

www.xtrapapers.com



**Exercise 4: Questions 19 – 24**

**Free time activities**

**Read the tweets below about what friends like to do in their free time.**

**A** સૂરજ

દિવાળી માટે હું વિવિધ જાતની ભારતીય વાનગીઓ બનાવીશ. # દિવાળીની મિજબાની

**B** નેહા

માસી મને સીવતા શીખવાડે છે. # માસી સાથે સીવણકામ. ગઈકાલે મેં સરસ ફરાક બનાવ્યું

**C** રોહન

ઘરકામ કોઈ દિવસ પૂરું જ ન થાય. આજે મેં માતાને સાફસફાઈ કરવામાં મદદ કરી.

**D** સમિરા

રવિવારે હું ઘેર કુટુંબ સાથે રહીશ. અમે ટેલિવિઝન પર ચલચિત્ર જોઈશું અને ગપ્પાં મારશું. કેવી મજા પડશે!

**E** રાજન

મેં નિશાળનું ગૃહકાર્ય વહેલું પૂરું કરી લીધું. હવે અમર સાથે ઓછામાંઓછો અડધો કલાક ટેલિફોન પર વાત કરવા મળશે.

**F** કિશન

ઉનાળાની રજાઓમાં મારા પ્રિય મિત્રો સાથે બહાર રમું. #ફૂટબોલ, ફૂટબોલ, ફૂટબોલ

**G** મીના

~~મને નિતનવાં જોડાં પહેરવાં ગમે. શનિવારે મેં કેટલાય પૈસા ચળકતાં સેન્ડલ લેવામાં ખર્ચી નાખ્યા!~~

**H** ઊમા

આવતા મહિને હું ફૂલો ગોઠવવાના વર્ગમાં જોડાઈશ. ભાઈના લગ્નના મંડપનો શણગાર ફૂલોથી કરીશ.

© OCR 2018

www.xtrapapers.com



**Write the correct letter in the boxes to show what each tweet is about.**

**Example:**

Shoe shopping … **G**

**19** Helping in the house … [ ] **[1]**

**20** Playing outdoor games … [ ] **[1]**

**21** Sewing … [ ] **[1]**

**22** Spending time with family … [ ] **[1]**

**23** Flower arranging … [ ] **[1]**

**24** Cooking Indian food … [ ] **[1]**

**[Total marks: 6]**

© OCR 2018

www.xtrapapers.com



**Exercise 5: Questions 25 – 31**

**Letter to agony aunt**

**Read the two letters regarding friendship issues.**

શ્રીમતી રંભાબહેન,

અનય મારો બાળપણનો ગાઢ મિત્ર છે. આવતા મહિને તેના લગ્ન ધામધૂમથી થવાના છે. તે લગ્નની ખરીદી કરવા માટે ભારત ગયો હતો ત્યારે મારા માટે જડતર ભરતનું સૂટ અને મોજડી લાવ્યો.

હું લગ્નના બધા પ્રસંગોમાં મદદ કરવા અત્યંત આતુર હતો, પરંતુ તેણે મને એક જ કામ આપ્યું છે. હું બહુ નિરાશ છું.

મારે લગ્નના દિવસે મહેમાનોનું સ્વાગત કરવાનું છે. બીજા દોસ્તોને આમંત્રણ લખવામાં અને ભોજન પીરસવામાં મદદ કરવા કહ્યું છે.

કૃપા કરી સલાહ આપો.

લિ. સમીર.

પ્રિય સમીરભાઈ,

અનયને તમારા પ્રતિ મૈત્રીની લાગણી છે એટલે લગ્નમાં પહેરવાં તમારા માટે સરસ કપડાંની જોડ લાવ્યો.

તે ઇચ્છતો હશે કે તમે દરેક કાર્યક્રમનો આનંદ માણો અને કામના ભારથી થાકી ન જાઓ. તમે મહેમાનોને આવકારશો તેથી તેઓને વધુ જાણી શકશો. કેવો સરસ લ્હાવો મળશે!

તમારી મિત્રતા જાળવવા તમારે તેને મદદ કરવી જોઈએ. મારી સલાહ છે કે તમે ખુશીખુશી સર્વે પ્રસંગોમાં હાજર રહો.

લિ. રંભાબહેન.

© OCR 2018

www.xtrapapers.com



**Read the questions and write short answers IN ENGLISH.**

> **Example:**
>
> How long have Sameer and Anay been friends for?
>
> Since childhood .

**25** Why did Anay go to India?

............................................................................................................................................ **[1]**

**26** Why is Sameer upset?

............................................................................................................................................ **[1]**

**27** What does Anay want Sameer to do at the wedding?

............................................................................................................................................ **[1]**

**28** Why does Rambhaben think that Anay has feelings of friendship towards Sameer?

............................................................................................................................................ **[1]**

**29** According to Rambhaben, why did Anay not burden Sameer with a lot of work?

............................................................................................................................................ **[1]**

**30** How will Sameer benefit from fulfilling his duty at the wedding?

............................................................................................................................................ **[1]**

**31** What advice does Rambhaben give to Sameer?

............................................................................................................................................ **[1]**

**[Total: 7 Marks]**

© OCR 2018

www.xtrapapers.com



**Exercise 6: Questions 32 – 37**

**Visit to a Cultural Festival in Gujarat**

**Read Dipak's article for a community magazine.**

ગયા વર્ષે હું મારા પિતરાઈ ભાઈ સાથે અમદાવાદના વિશ્વવિખ્યાત દશેરાના આનંદમેળામાં ગયો હતો. વાહનોની સગવડ ના હોવાથી અમે કાચા રસ્તા પર ચાલીને ત્યાં પહોંચ્યા.

દૂરથી સંગીત સાંભળી મારું અંતર થનગની ઊઠ્યું. ગુજરાતના દરેક પ્રાંતનાં નૃત્યો અને નાચનારાઓના પહેરવેશની અદ્ભુત શૈલી જોઈને હું આકર્ષાયો.

સંગીતકારોના સંગીતના સૂરો સાથે પગનો તાલ મિલાવી અમે મન ભરીને મજા લીધી. લોકો નાચતા હતા ત્યાં મને રાસગરબા રમવાનો સૌથી વધારે આનંદ આવ્યો. મને થયું કે અહીં બત્તીઓ ઝબકતી હોત તો નાચનારાઓને ખૂબ જોશ આવત.

ફુગ્ગાવાળા બૂમો પાડીને નાનાં બાળકોનું ધ્યાન દોરતા જ્યારે મોટાં બાળકો ચગડોળમાં બેસવા અને શણગારેલી ઘોડાગાડીઓમાં સવારી કરવા પડાપડી કરતાં.

રંગબેરંગી કપડાંમાં સજ્જ થઈ, ભેદભાવ ભૂલીને લોકો મોજ કરતા હતા. હસ્તકલાની કારીગીરીની દુકાનમાંથી મેં મમ્મી માટે આભલાંવાળી હાથની ગૂંથેલી થેલી અને બહેન માટે કાચની બંગડીઓ ખરીદી.

મોઢામાં પાણી આવે તેવી સ્વાદિષ્ટ વાનગીઓની દુકાનો પાસે લાંબી કતારમાં ઊભા રહીને અમે ભેળપૂરી ખાધી. ઠંડો શેરડીનો રસ પીધો. સામે રાવણનું મોટું પૂતળું બળતું જોયું.

વર્તમાનપત્રોના અહેવાલ પ્રમાણે ભારતમાં ઠેરઠેર અને દેશવિદેશમાં આ પ્રસંગની સફળતાની ચર્ચા થઈ રહી હતી. મને લાગે છે કે ગામના આગેવાનોએ મેળાની વ્યવસ્થા સુંદર રીતે કરી હતી.

**Tick the correct box.**

**Example:**

Where did Dipak go for Dashera?

**A** To the village market ☐

**B** To a music festival ☐

**C** To a funfair ✓

© OCR 2018

www.xtrapapers.com



**32** Why did they walk to get there?

**A** The road was narrow ☐
**B** There was no transport ☐
**C** There was a train delay ☐ **[1]**

**33** What did Dipak enjoy the most?

**A** Playing Raas-Garba ☐
**B** Listening to music ☐
**C** Watching the dances ☐ **[1]**

**34** According to Dipak what could have made dancing more enjoyable for people?

**A** Louder music ☐
**B** Younger people ☐
**C** Flashing lights ☐ **[1]**

**35** What was the main attraction for young children?

**A** Balloon men ☐
**B** Toy shops ☐
**C** Ice cream vans ☐ **[1]**

**36** What gift did he buy for his mum?

**A** A hand painted picture ☐
**B** A hand knitted bag ☐
**C** Glass bangles ☐ **[1]**

**37** How did people find out about the success of the event?

**A** From the government ☐
**B** From the organisers ☐
**C** From a newspaper report ☐ **[1]**

**[Total Marks: 6]**

© OCR 2018

www.xtrapapers.com



**Exercise 7: Questions 38 – 44**

**Health Awareness Seminar in Toronto**

**Read Hamida's blog.**

ટોરોન્ટોમાં બે દિવસની આરોગ્ય જાગૃતિ પરિષદ યોજાઈ હતી. અમારા સમાજકેન્દ્રના પાટિયા પર મેં જાહેરાત વાંચી અને સ્વયંસેવિકા તરીકે ઇસ્ટરના શુક્રવારે હું ટોરોન્ટો પહોંચી.

મારી ઉંમરના બીજા ત્રીસ વિદ્યાર્થીઓ દેશપરદેશથી આવ્યા હતા. અમારી રહેવાની વ્યવસ્થા એક સાધારણ સગવડવાળી યુવક છાત્રાલયમાં કરી હતી.

બીજે દિવસે બધા સ્વયંસેવકો એક આલિશાન હોટેલમાં એકત્રિત થયા. બન્ને દિવસના કાર્યક્રમનો સમયપત્રક આપ્યા બાદ અમારી પાંચ જૂથોમાં વહેંચણી કરી. સ્વાગત મેજ પર નામોની નોંધણી, આરોગ્યના વ્યવસાયકોના મંચની ગોઠવણી, પોસ્ટરોની તૈયારી, સ્ટોલની સજાવટ, ખાવાપીવાની સગવડ, તંદુરસ્તીની તપાસણી કરવામાં અને યોગ તથા બીજા તાલીમ વર્ગો જેવા વિભાગોમાં અમારે મદદ કરવાની હતી. આ હતી એક છત નીચે આરોગ્યને લગતી અનેક બાબતોની જાણકારી મેળવવાની એક સોનેરી તક!

સૌથી પહેલાં, મોટી સંખ્યામાં આવેલા લોકોની હાજરી પૂરવામાં, નામના બિલ્લા અને માહિતીપત્રકો તથા વિગતો આપવામાં મેં મદદ કરી. ઊભી ઊભીને તો હું થાકી ગઈ પણ કેટલાય લોકો સાથે પરિચય થયો.

મારે આહારશાસ્ત્રી બનવું છે એટલે ખાધાખોરાકીના તાલીમ વર્ગમાં જોડાવાથી મેં જાણ્યું કે તંદુરસ્ત જીવન માટે પૌષ્ટિક ખોરાક, કસરત અને પૂરતા આરામનું સમતોલન રાખવું મહત્ત્વનું છે આથી ગંભીર રોગોને ટાળી શકાય. રસોઈકળાના અને શારીરિક પ્રવૃત્તિઓના વર્ગોમાં ખૂબ ફાયદો થયો.

છેલ્લે દિવસે કાર્યકર્તાઓએ અમારા ખૂબ વખાણ કર્યા અને ઇનામરૂપે અમને પ્રખ્યાત નાયગરા ધોધની સહેલ કરાવી. જ્ઞાન સાથે આનંદ મેળવવાનો આ કમાલનો અનુભવ હતો. ભવિષ્યમાં મારી શાળામાં હું એક 'આરોગ્ય દિન'ની યોજના કરીશ જેથી બીજા વિદ્યાર્થીઓને લાભ મળી શકે.

**Read the questions and write short answers IN ENGLISH.**

**Example:**

Where was the seminar held?

In Toronto.

**38** How did Hamida find out about the seminar?

........................................................................................................................ **[1]**

© OCR 2018

www.xtrapapers.com



**39** What was her accommodation like?

............................................................................................................................................ **[1]**

**40** Why did Hamida think that attending the seminar was a golden opportunity for her?

............................................................................................................................................ **[1]**

**41** What was Hamida's complaint about her first task?

............................................................................................................................................ **[1]**

**42** According to the information given at the seminar, why is living a healthy life very important?

............................................................................................................................................ **[1]**

**43** How were all the volunteers rewarded?

............................................................................................................................................ **[1]**

**44** How does Hamida wish to share her experience in the future?

............................................................................................................................................ **[1]**

**[Total: 7 Marks]**

© OCR 2018

www.xtrapapers.com



**Exercise 8: Questions 45 – 50**

**Life before and after the computer**

**Read the views of two friends**

સંજના
મારી પાસે મોબાઈલ ફોન, આઈ-પેડ અને કોમ્પ્યૂટર આવ્યાં અને તેમાંય વળી ઇન્ટરનેટ આવ્યું એટલે જાણે મારી દુનિયા બદલાઈ ગઈ. એક બટન દબાવતાં કોઈ પણ માહિતી મળી જાય... કેવું સહેલું. સામાજિક નેટવર્ક પર વિચારોની આપલે કરી શકું અને દરિયાપાર રહેતાં મિત્રો તથા રિશ્તેદારો સાથે મોજથી વાતો કરી શકું, ગીતો સાંભળી શકું કે ચલચિત્રો જોઈ શકું.

રાકેશ
આજે લોકોના જીવન ઇન્ટરનેટ સાથે જોડાતાં જાય છે. પહેલાંના યુગમાં માહિતી પ્રસારણ કરવા કે અગત્યના સંદેશા પહોંચાડવા ટપાલકચેરીમાં જઈને તાર કે પત્ર મોકલવા પડતાં. તેઓ દુકાને જઈને ખરીદી કરતાં કે પોતાની વાડીમાં તાજાં ફળ અને શાકભાજી વાવીને ભોજન બનાવતાં. તેઓ એકબીજા સાથે હળતાભળતાં અને સંપીને રહેતાં. તેમની જિંદગીમાં તણાવ નહોતો.

સંજના
હા એ સાચું છે, પણ આપણા વ્યસ્ત જીવનમાં ઇન્ટરનેટને કારણે દેશપરદેશના સમાચાર અને હવામાનની આગાહી તુરંત મળે છે. યુવાન લોકો કપડાંલત્તાં લેવા ખાસ ઇન્ટરનેટ પસંદ કરે છે. સરકારી અને બેંકનાં કામ માટે બહાર જવું નથી પડતું. કેટલો સમય બચી જાય જ્યારે આપણે એશઆરામ કે બીજી પ્રવૃત્તિઓ કરી શકીએ.

રાકેશ
આપણે ઇન્ટરનેટથી એટલાં ટેવાઈ ગયા છીએ કે ઘણી વખત તે સુખને નહિ પણ દુ:ખને આમંત્રણ આપે છે. કલાકો સુધી બેઠાંબેઠાં બાળકો તેમાં પરોવાયેલાં રહે છે અને કુટંબીજનો સાથે વાતચીત પણ નથી કરતાં. એકલાં પડી જાય છે. કસરત વિના શારીરિક તકલીફો ઊભી થાય છે. ઇન્ટરનેટ દીવાસળી જેવું છે. તેનાંથી આપણું જીવન પ્રકાશમય બની શકે છે પરંતુ, તેનો દુરૂપયોગ કરવાથી અંધકાર ફેલાઈ શકે છે. આપણે તેને મર્યાદામાં રહીને ચીવટથી વાપરવું જોઈએ.

**Complete each sentence with an appropriate word IN GUJARATI.**

**Example:**

ઇન્ટરનેટ આવ્યું ત્યાર પછી સંજનાની ....જિંદગીમાં.... ફેરફાર થયા.

**45** ઇન્ટરનેટ દ્વારા સંજના .......................... બધી બાબતોની જાણકારી મેળવી શકે છે. **[1]**

© OCR 2018

www.xtrapapers.com



46 રાકેશ કહે છે કે પહેલાંના જમાનામાં ઇન્ટરનેટ વગર લોકોને જીવનમાં ......................... નહોતી. **[1]**

47 સંજનાના કહેવા પ્રમાણે યુવાન લોકોને અંગત વસ્તુઓની ......................... ઇન્ટરનેટ પર કરવી ગમે છે. **[1]**

48 સંજના માને છે કે ઇન્ટરનેટ પર બધું ઝટપટ થઈ જવાથી આપણને ......................... સમય વધારે મળે છે. **[1]**

49 રાકેશને લાગે છે કે લાંબા સમય સુધી કોમ્પ્યૂટર વાપરવાથી બાળકોની ......................... પર ખરાબ અસર પડે છે. **[1]**

50 રાકેશની સલાહ છે કે આપણે મર્યાદામાં રહી ઇન્ટરનેટનો ......................... રાખીને ઉપયોગ કરવો જોઈએ. **[1]**

**[Total: 6 Marks]**

**END OF QUESTION PAPER**

© OCR 2018

www.xtrapapers.com



BLANK PAGE

PLEASE DO NOT WRITE ON THIS PAGE

© OCR 2018

www.xtrapapers.com



BLANK PAGE

PLEASE DO NOT WRITE ON THIS PAGE

© OCR 2018

www.xtrapapers.com



**PLEASE DO NOT WRITE ON THIS PAGE**

OCR
Oxford Cambridge and RSA

**Copyright Information**

OCR is committed to seeking permission to reproduce all third-party content that it uses in its assessment materials. OCR has attempted to identify and contact all copyright holders whose work is used in this paper. To avoid the issue of disclosure of answer-related information to candidates, all copyright acknowledgements are reproduced in the OCR Copyright Acknowledgements Booklet. This is produced for each series of examinations and is freely available to download from our public website (www.ocr.org.uk) after the live examination series.

If OCR has unwittingly failed to correctly acknowledge or clear any third-party content in this assessment material, OCR will be happy to correct its mistake at the earliest possible opportunity.

For queries or further information please contact the Copyright Team, First Floor, 9 Hills Road, Cambridge CB2 1GE.

OCR is part of the Cambridge Assessment Group; Cambridge Assessment is the brand name of University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.

© OCR 2018